દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
મંગળવાર ૨૦ ઑક્ટોબર, ૨૦૨૬

# બાળકો અને ઇન્ટરનેટ: મોકળાશ અને નિયંત્રણો વચ્ચે યોગ્ય સમતોલન જરૂરી

હાલમાં સર્વોચ્ચ અદાલતે ઇન્ટરનેટની પહોંચ મેળવવા અને તેનો ઉપયોગ કરવાના અધિકારને બાળકોનો મૂળભૂત અધિકાર જાહેર કર્યો છે અને જણાવ્યું છે કે બાળકોને ઇન્ટરનેટથી સંપૂર્ણ વંચિત રાખી શકાય નહીં. ઇન્ટરનેટને સુપ્રીમ કોર્ટે આજના સમયનું એક અતિ અગત્યનું માધ્યમ ગણાવ્યું છે જે જીવનના અનેક ક્ષેત્રોમાં ઉપયોગી છે. સુપ્રીમ કોર્ટની વાત બિલકુલ યોગ્ય છે, બાળકોને ઇન્ટરનેટનો વપરાશ કરતા સંપૂર્ણપણે રોકી શકાય નહીં. પરંતુ આ સાથે જ ઇન્ટરનેટ પર બાળકો માટેના સંભવિત જોખમો પણ અવગણના નહીં કરી શકાય તેવું પરિબળ રહ્યા છે. સોશ્યલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ મોટેરાઓને નુકસાન કરે છે તો બાળકોને તો વધુ નુકસાન કરી શકે છે અને તેમના માટે તેમાં ભયસ્થાનો પણ વધુ છે.

સર્વોચ્ચ અદાલતે NGO ‘જસ્ટ રાઇટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સ’ની અરજી પર આ આદેશ આપ્યો હતો, જેમાં તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચાઇલ્ડ સેક્સ્યુઅલ એક્સપ્લોઇટેશન એન્ડ એબ્યુઝ મટીરિયલ (CSEAM - બાળકોના જાતીય શોષણ અને અબ્યુઝ સંબંધિત સામગ્રી) ના ચિંતાજનક વધારાની નોંધ લીધી હતી. ૧૫ ઓક્ટોબરે પસાર કરાયેલા ૧૩૭ પાનાના પોતાના આદેશમાં બેન્ચે જણાવ્યું હતું કે, “અગાઉ રજૂ કરેલી બાબતોને ધ્યાનમાં રાખીને, અમને એ કહેવામાં કોઈ ખચકાટ નથી કે બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૧ હેઠળ ઇન્ટરનેટ મેળવવું અને તેનો ઉપયોગ કરવો એ દરેક વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. આપણા બાળકો, પછી ભલે તેમની ઉંમર ગમે તે હોય, સમાન અધિકારો ભોગવે છે, અને તેમને આ અધિકારથી સંપૂર્ણપણે વંચિત રાખવું એ એવું કહેવા જેટલું અસંગત હશે કે અમુક ચોક્કસ ઉંમરથી નાના બાળકો પાસે રક્ષણ આપવા યોગ્ય અંતરાત્મા નથી અથવા અભિવ્યક્ત કરવા યોગ્ય વાણી સ્વાતંત્ર્ય નથી. જો કે અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે તેના આ અવલોકનનો અર્થ એ નથી કે ઉંમર આધારિત કોઈ પણ નિયંત્રણો ન હોવા જોઈએ. “અમે સ્વીકારીએ છીએ કે ઓનલાઇન બાળકોની સુરક્ષા અને તેમની આંગળીના ટેરવે ઉપલબ્ધ સામગ્રીના સંચાલન માટે કેટલાક સરકારી અથવા ચોક્કસ રક્ષણાત્મક પગલાં (સેફગાર્ડ્સ) જરૂરી છે,” તેમ જણાવતાં કોર્ટે ઉમેર્યું હતું કે એક એવી વ્યવસ્થા હોઈ શકે છે જે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બાળકોના વપરાશ માટે વાલીઓની સંમતિ, માર્ગદર્શન અને દેખરેખ પર વધુ ભાર મૂકે, તેમજ આવા એકાઉન્ટ્સ માટે સમર્પિત “ચાઇલ્ડ મોડ” (બાળકો માટેનો મોડ) હોય, જેમાં તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યને અનુરૂપ પગલાં લેવામાં આવ્યા હોય. વાત સાચી છે. નિયંત્રણો કરતા પણ રક્ષણાત્મક પગલા વધુ જરૂરી છે. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે અહીં કહેવામાં આવેલી કોઈ પણ બાબત ભારત સરકારને બાળકો માટે નુકસાનકારક હોય તેવી ચોક્કસ શ્રેણીની સામગ્રી અથવા સેવાઓ (જેમ કે એડલ્ટ કન્ટેન્ટ વેબસાઇટ્સ વગેરે) સુધી બાળકોની પહોંચને પ્રતિબંધિત કરવાથી રોકશે નહીં. સર્વોચ્ચ અદાલતે વધુમાં જણાવ્યું હતું કે આપણા બાળકોની સુરક્ષા અને તેમની સ્વતંત્રતા એકબીજાથી વિરુદ્ધ નથી, અને તેઓ આ બંને મેળવવા માટે હકદાર છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારને ક્યારેય માત્ર બોલવાના અધિકાર સુધી મર્યાદિત ગણવામાં આવ્યો નથી, પરંતુ તેને હંમેશાં માહિતી અને વિચારો જાણવાના, મેળવવાના અને પ્રસારિત કરવાના અધિકાર તરીકે સમજવામાં આવ્યો છે.

પ્રતિબંધોનો અનુભવ દર્શાવે છે કે બાળકો માત્ર એટલા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરવાનું બંધ નથી કરતા કારણ કે કાયદો તેમને તેમ કરતા રોકે છે; તેઓ પોતાના માતાપિતા કે સત્તાવાળાઓની જાણ બહાર તેનો ઉપયોગ ચાલુ રાખે છે અને અન્ય એવા પ્લેટફોર્મ્સ તથા વેબસાઇટ્સ તરફ વળે છે જે અનિયંત્રિત અને વધુ અસુરક્ષિત છે. આ ભયસ્થાન પણ અવગણી શકાય તેવું નથી. હાલમાં ઓસ્ટ્રેલિયા અને ઇન્ડોનેશિયા જેવા કેટલાક દેશો અને ભારતના કેટલાક રાજ્યોએ બાળકો માટે સોશ્યલ મીડિયા પર પૂર્ણ કે આંશિક પ્રતિબંધો મૂક્યા છે. આ પ્રતિબંધોના પરિણામો વિશે હજી માહિતી બહાર આવી નથી, કદાચ એટલા કારણે કે આ પ્રતિબંધોને હજી થોડા જ મહિના થયા છે. પરંતુ એ વાત ચોક્કસ છે કે બાળકોને ઇન્ટરનેટવના વધુ પડતા વળગણ, સોશ્યલ મીડિયાના અનિયંત્રિત ઉપયોગ અને તેના પર તેમના માટે ઉપસ્થિત જોખમોથી બચાવવા માટેના પગલા લેવા ઘણા જરૂરી છે. વિવિધ યોગ્ય સ્ત્રોતોમાંથી જ્ઞાન મેળવવા માટે, ઓનલાઇન શિક્ષણ મેળવવા માટે બાળકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે તે જરૂરી છે પરંતુ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશ્યલ મીડિયા મંચો પર ૧૬ વર્ષથી નાના બાળકોનું સક્રિય રહેવું નુકસાનકારકની સાથે જોખમી પણ જણાયું છે તેથી આવા મંચોને બાળકો માટે નિયંત્રિત કરવામાં આવે તે વાજબી જણાય છે.

## પહેલ કરો

એક પહાડી પ્રદેશમાં બે ગામ વચ્ચે ઊંડી ખીણ હતી અને તેની પર એક લાકડાનો ઝૂલતો પુલ હતો પણ બંને ગામના લોકો વચ્ચે કોઈ જુના વેરને કારણે સાવ અબોલા હતા તેઓ બધા એકબીજાને દોષ આપતા કે બીજું ગામ ક્યારેય કોઈ સબંધ રાખતું નથી. બે ગામ અને તેના લોકો વચ્ચે કોઈ સમાજિક, આર્થીક વ્યવહારના કોઈ સબંધ ન હતા. પુલ હતો પણ ભાગ્યાજ કોઈ તેની પર આવનજાવન કરતું.

એક દિવસ ભારે વરસાદથી ખીણ ઉપરનો ઝૂલતો લાકડાનો પુલ તૂટી ગયો અને બંને ગામોનો બહારની દુનિયા સાથેનો સંપર્ક પણ બંધ થઈ ગયો. ચાર દિવસથી સતત વરસતા વરસાદના તોફાનને કારણે બંને ગામમાં મુશ્કેલ સમય હતો,પુરની પરિસ્થિતિ હતી, એક ગામમાં દવાઓ ખૂટી રહી હતી, જ્યારે બીજા ગામમાં અનાજની ગંભીર અછત હતી. વરસાદ ઓછો થતા તકલીફો વધારે સામે આવી એક યુવાને પોતાના ગામના વડાને કહ્યું, ‘આપણે પુલ ફરીથી બાંધીએ.’ વડાએ જવાબ આપ્યો, ‘પહેલાં સામેના ગામવાળા આવે. ભૂલ તેમની છે.’

યુવાને કહ્યું, ‘મુશ્કેલીના સમયે સૌથી પહેલા નજીકના લોકો જ મદદે આવી શકે. દાયકાઓ જૂની વાત ભૂલી જઈ આગળ વધવું જોઈએ.’કોઈએ તેની વાતને ટેકો ન આપ્યો.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

યુવાને એકલા જ પુલ બાંધવાનું શરુ કર્યું, તેણે સૌથી લાકડાં ભેગાં કરવાનું શરૂ કર્યું, તે એકલો દરરોજ થોડું કામ કરતો.એક અઠવાડિયા પછી લગભગ અડધો પુલ બની ગયો અને સામેના ગામની એક વૃદ્ધ સ્ત્રીએ યુવાનને પુલ બાંધતો જોયો. તેણે પોતાના ગામના લોકોને બોલાવ્યા. સામેના ગામના લોકો જુનું વેર ભૂલીને દોડી આવ્યા દુરથી તાળીઓ પાડી યુવાનના પ્રયત્નનું સ્વાગત કર્યું અને તેમણે પોતાની બાજુથી પુલ બાંધવાની શરૂઆત કરી.આ જોઇને યુવાનના ગામના બધા લોકો પણ હવે યુવાનની મદદે આવ્યા. બંને ગામના લોકો એકસાથે પુલ બાંધવા લાગ્યા.

થોડા જ સમયમાં પુલ તૈયાર થયો ત્યારે બંને ગામના વડાઓ પુલ પર જ મળ્યા અને યુવાનને શાબાશી આપી, યુવાનના ગામના વડાએ કહ્યું, ‘અમે તો વિચારતા હતા કે તમે મદદ નહીં કરો એટલે અમે આ યુવાનને પુલ બાંધવાની ના પાડી હતી પણ તેણે એકલાએ પુલ બાંધવાની શરૂઆત કરી અને અમારી પહેલા તમે મદદ કરી.આ યુવાને જે કર્યું તે બહુ સારું કર્યું.’

યુવાન હસ્યો અને બોલ્યો, ‘તમે બંને મનથી વેર ભૂલી સારા સબંધ બાંધવા ઈચ્છતા હતા પરંતુ રાહ જોતા હતા કે પહેલું પગલું કોણ ભરશે. મેં માત્ર રાહ જોવાનું બંધ કર્યું.’

સંબંધો સુધારવા માટે હંમેશાં બંને પક્ષ એકસાથે આગળ આવે એની રાહ ન જુઓ. તમારું પહેલું નાનું પગલું કદાચ બીજા માણસ માટે સામે આગળ આવવાનો રસ્તો બની શકે.બે મનના અંતર ઘટાડવા માટે રાહ ન જુઓ પહેલ કરો.

# તહેવારો ઉત્સાહ સાથે વિવેકપૂર્ણ બનાવીએ તો શું વાધો આવે ?

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**સરકારની ના છતાં ચાઈનીઝ ગુબ્બારા ઉડાડાય છે, જે દૂર ખેતરમાં, ગામડામાં ઘાસના ઢગલા પર, કોઈનાં કાચાં મકાનો પર, માલસામાન, લાકડાં કે પ્લાસ્ટિકનાં ગોદામોમાં પડે છે**

શું બધું અમારે જ વિચારવાનું? ઉત્તરાયણ આવે તો પક્ષીઓનો વિચાર કરવાનો. દિવાળીમાં ફટાકડા ફોડવામાં અવાજ પ્રદૂષણ અને હવા પ્રદૂષણનું વિચારવાનું. ધુળેટીમાં પાણીના બગાડની ચિંતા. ગરબા તો કહે, દસ વાગ્યા સુધી જ ગાવાના... આવું કેમ? આવા પ્રશ્નો થવા લાગ્યા છે? કોઈ આવા પ્રશ્નો આપણા મનમાં મૂકી રહ્યું છે કે શું? કાયમ બધું અમારે જ વિચારવાનું?

કોઈ પણ દેશ, તેનો સમાજ ઉત્સવોથી જીવંત બને છે. પરંપરાઓ અને ઉજવણીઓનાં પોતપોતાનાં સ્વરૂપ હોય છે અને કાળક્રમે તે બદલાતાં પણ હોય છે. ઉશ્કેરાટ અને ઉપદેશ વચ્ચે વિવેકપૂર્વક વિચારવાની જરૂર છે.

જેમ કે, દુનિયાભરમાં પતંગ ચડાવવામાં આવે છે, જ્યારે ગુજરાતમાં પતંગના પેચ લડાવાય છે. આ પતંગ કાપવાની હરીફાઈમાં દોરીનું મહત્ત્વ વધવા માંડ્યું. દોરીને સરસ અને ખાંડેલા કાચથી તૈયાર કરવામાં આવી અને આ દોરી હવામાં બ્લેડની જેમ બીજી પતંગની દોરી કાપવા માંડી. હજારો માણસો ઘાયલ થાય છે અને દર વર્ષે સેંકડો પક્ષીઓ ઘાયલ થાય છે. છેલ્લાં દસ વર્ષના આંકડા ચિંતાજનક છે. છેલ્લાં વર્ષોમાં ઉત્તરાયણની સાંજે દિવાળીની જેમ ફટાકડા ફોડવાનું શરૂ થયું છે. હવે તેમાં સરકારની ના છતાં ચાઈનીઝ ગુબ્બારા ઉડાડાય છે, જે દૂર ખેતરમાં, ગામડામાં ઘાસના ઢગલા પર, કોઈનાં કાચાં મકાનો પર, માલસામાન, લાકડાં કે પ્લાસ્ટિકનાં ગોદામોમાં પડે છે અને આગ લાગવાથી લાખોનું નુકસાન થાય છે.

મકરસંક્રાંતિના દિવસે સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ થાય છે. દક્ષિણની ક્ષિતિજમાંથી ઉત્તર તરફ સૂર્યોદયની ગતિ થાય છે, માટે ઉત્તરાયણ કહેવાય છે. ભારતીય પરંપરાના તમામ ઉત્સવોમાં ગરીબ-નબળા વર્ગને દાનનો મહિમા છે. સ્નાનનો મહિમા છે. આસ્થાવાન લોકો માટે પૂજાપાઠ અને ભક્તિનો મહિમા છે. પતંગ સવારે નવથી સાંજે પાંચ સુધીમાં જ ચડાવો! બીજાની પતંગ કાપવા અને ખાસ તો એના માટે વધુ ને વધુ તીક્ષ્ણ દોરી બનાવવાનું રહેવા દો. રસ્તા ઉપર પતંગ ન ચડાવો, ન પકડો... આ બધું સમજણ અને વિનંતીપૂર્વક કહેવાય છે! ક્યાંય વિરોધ કે પ્રતિબંધના સ્વરમાં નથી કહેવાતું! આપણા જ ઉત્સવમાં આપણા જ ભાઈઓનાં ગળાં કપાય! શું આપણે આમાં વિવેકપૂર્ણ વિચાર ન કરી શકીએ?

આવું જ નવરાત્રિના ગરબામાં છે! નવરાત્રિ માતાની ઉપાસનાનો, અનુષ્ઠાનનો અદ્ભુત અવસર છે. ગુજરાતનું ગૌરવ એ છે કે આ નવરાત્રિમાં સ્ત્રીઓની અભિવ્યક્તિ જેવા ગરબા પણ જોડાયા છે. જે વિરોધ છે તે તો ધંધાદારી ગરબાનો અને ખાસ તો કાન ફાડી નાખતા માઈકના અવાજનો છે. માઈક વગર આખી રાત ગરબા ગાવ... કોઈ ના નથી... તો આમાં ઉશ્કેરાવાનું શેનું? કોણ આપણને ગેરમાર્ગે દોરે છે?

દીપાવલી એટલે દીવાની હારમાળા, પ્રકાશનું પર્વ. ફટાકડા તેમાં પાછળથી ઉમેરાયા! વળી, ફટાકડાના પણ પ્રકાર છેઃ ફુલઝર, તારામંડળ, ચક્કર, કોઠી. ઘરઆંગણે ઓછા જોખમી અને અવાજ વગરના, માત્ર આનંદ આપનારા ફટાકડા ફોડીને પણ દીપાવલી ઉજવી જ શકાય. યુવાનોને બોમ્બધડાકા કરવા હોય તો આઠથી દસમાં કરવા, એ વાત છે. આમાં આખી ઉજવણીનો વિરોધ જ નથી! મૂળમાં ઉજવણીના ઉત્સાહમાં વિવેક ઉમેરવાની વાત છે.જો ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની જ વાત હોય તો અહીં વૃક્ષ, પૃથ્વી, પ્રાણી, પક્ષી સૌના ક્ષેમકુશળની ચિંતા છે! આપણે તેમને પીડા આપીને ઉત્સવ ઉજવીએ એવું આપણી પરંપરામાં ક્યાંય નથી. રંગોત્સવ હોળી... હવે ફૂલોના રંગથી અને સુગંધિત ચંદન-દ્રવ્યોવાળા પાણીથી ન્હાવાની કોઈ ના જ નથી પાડતું. ના પાડે છે તે તો કેમિકલના કલરની અને પ્રશ્ન ધુળેટીની ઉજવણીમાં પણ સમયભાનનો તો છે જ. દિવસમાં તમે એક વાર રંગે રમો, નાહીધોઈ લો. પાછા ફરી રંગે રમો... ફરી નાહીધોઈ લો... તો પ્રશ્ન થાય ને કે ક્યાં સુધી? સંયમ તો કેળવવો જ પડશે! અને હા, તહેવાર કોઈ પણ હોય, ઉજવણી કોઈ પણ હોય, પણ સમાજના ઉત્સવો અને ઉદારતાનો લાભ લેનારાં દુષ્ટ તત્ત્વો તો હોય જ છે! તહેવાર-ઉજવણીના બહાને તેમને અસામાજિક કામ ન કરવા દેવાય! બહેન-દીકરીઓની મશ્કરી કરવી, રસ્તે જતાં વાહનો ઉપર ફટાકડા નાખવા, કોઈકને ખરેખર નુકસાન કરવાના હેતુથી જ ભેળસેળવાળા કલર આંખ કે વાળમાં નાખવા... આ સંસ્કૃતિ નથી. આપણે સંસ્કૃતિ અને પરંપરાના નામે આવાં અસામાજિક તત્ત્વોનો બચાવ ન કરી શકીએ.

છેલ્લે, આ આપણો દેશ છે. આપણે આપણા લોકોને જ સાચવવાના છે. આ દેશના કાયદા, સરકારનાં સૂચનો, ન્યાયાલયના આદેશો... આ બધું અંતે તો આપણા શાંતિમય જીવન માટે છે. તે પાળવા-માનવા એ પણ રાષ્ટ્રધર્મ જ છે. કોઈ કશી ના પાડતું નથી. ધર્મ અને સંસ્કૃતિના નામે ચાલતા વેપાર-બજારને ધર્મ-સંસ્કૃતિથી જુદો કરવો પડશે! ઉત્સાહ અકબંધ રાખવાનો છે. માત્ર થોડો વિવેક જાળવવાનો છે. આમાં ઉશ્કેરાઈ જવાની જરૂર નથી અને બીજા ખોટું કરે છે માટે હું પણ ખોટું કરું, એ તો ન્યાય નથી.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### વિકસિત ભારત દીવા સ્વપ્ન

દરેકના તન ઉપર કપડું, પેટમાં રોટી રહેવાનું મકાન, શિક્ષા ,રોડ, રસ્તા, અર્થવ્યવસ્થા, પર્યાવરણની જાળવણી, પીવાનું અને સિંચાઈનું પાણી, રોજગાર, ખેતી, કૃષિ, મુક્તલોકશાહી, કાયદો, વ્યવસ્થા, ન્યાયતંત્ર, સમાજવાદ, બંધુત્વ, ધર્મનિરપેક્ષતા, બિનસાંપ્રદાયિકતા, એ વિકસિત ભારતના પાયા છે, એ વાત જુદી છે કે ભૂખમરાના ક્રમમાં આપણે પડોશી દેશો કરતા આગળ છીએ ,

દેશ કોઈ એક રંગ, ધર્મ, જાતિ ,સંસ્કૃતિ કે પહેરવેશ અને ખાણીપીણીનો હોઈ શકે નહીં,,

શિક્ષિત યુવાનો દિલ્હીના રસ્તા ઉપર સરકારને પ્રશ્ન પૂછે છે એ એમનું નૂર છે,,

પરંતુ અફસોસ,,એ કે આઝાદીના અમૃતકાળ નો રસાસ્વાદ ચાખી રહેલી અને સત્તાના મદમાં પ્રણયપ્રચુર સરકાર તેમને પોલીસના લાઠી ચાર્જ, અને અપમાન થી નવાજે છે,,

વિકસિત ભારતની પરિકલ્પના અહીંયા માત્રને માત્ર એક શેખચલ્લી નું દિવા સ્વપ્નથી વિશેષ કંઈ જ રહેતું નથી, ચૂંટણી પંચ ની વકીલાત કેન્દ્ર સરકાર કરે ત્યાં જ વિકસિત ભારત ના સ્વપ્નનું બાળમરણ થાય છે,, આ લખનાર લખે છે ત્યારે અને વાંચનાર વાંચી લે છે ત્યાર પછી ખરી માનસિક શ્રમની કસોટી થશે

**નવસારી - રાજન જોશી**

### વન્ય જીવોની વેદના

થોડા દિવસ પહેલાં વાંસદા નજીકના ભીનાર ગામમાં ઘરઆંગણેથી અઢી વર્ષના માસૂમ બાળકને દીપડો ઉઠાવી ગયો હતો. શોધખોળ દરમિયાન બાળકનો મૃતદેહ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ હતી. આવી ઘટનાઓથી માનવવસ્તીમાં દીપડાના પ્રવેશને લઈને લોકોમાં ચિંતા અને ભય વધી રહ્યાં છે. દીપડાના હુમલાથી બાળકો, વૃદ્ધો, ખેડૂતો અને પાલતુ પશુઓની સુરક્ષા જોખમાય છે. જંગલોના સતત ઘટાડા, વૃક્ષોના નિકંદન અને માનવવસવાટના વિસ્તરણને કારણે વન્યજીવોના કુદરતી રહેઠાણ સંકોચાઈ રહ્યાં છે. પરિણામે ખોરાક અને પાણીની શોધમાં દીપડાઓ માનવવસ્તી તરફ આવી રહ્યાં છે. આથી દીપડાને દોષ આપવા સાથે માનવીએ પણ પ્રકૃતિ સાથેના પોતાના સંબંધ અંગે વિચારવું જરૂરી છે.

જંગલોનું જતન અને વન્યજીવોના કુદરતી નિવાસનું સંરક્ષણ કરવું સમયની માંગ છે. વનવિભાગે દીપડાની હાજરી જણાય ત્યારે સ્થાનિક લોકોને તાત્કાલિક જાણ કરી સાવચેતીનાં પગલાં લેવડાવવાં જોઈએ. જરૂર પડે ત્યારે નિષ્ણાતોની મદદથી દીપડાને સુરક્ષિત રીતે પકડી યોગ્ય સ્થળે ખસેડવો જોઈએ. લોકોએ દીપડો દેખાય ત્યારે તેની નજીક જવાનું ટાળવું અને તાત્કાલિક વનવિભાગને જાણ કરવી જોઈએ. જાગૃતિ, સાવચેતી અને પ્રકૃતિનું સંરક્ષણ જ માનવજીવન તથા વન્યજીવો બંનેની સુરક્ષા માટેનો સાચો માર્ગ છે.

**નવસારી - મહાદેવભાઈ રાઠોડ**

### “કલામ સાહેબને કેમ ભુલાય?”

કેટલાક માણસો ઈતિહાસનાં પાનાંમાં સમાઈ જાય છે, તો કેટલાક પોતાનાં કર્મોથી અમર બની જાય છે. આવી જ એક વિરલ વિભૂતિ એટલે ભારતરત્ન ડો. અબુલ પાકીર જૈનુલાબ્દીન અબ્દુલ કલામ, જેમણે બાળપણમાં અખબારો વેચવાથી શરૂ કરેલી સફર ભારતના રાષ્ટ્રપતિપદ સુધી પહોંચાડી.

15 ઑક્ટોબર, 1931ના રોજ તમિલનાડુના રામેશ્વરમાં મુસ્લિમ પરિવારમાં જન્મેલા આ મહાન વૈજ્ઞાનિકની 95મી જન્મજયંતી નિમિત્તે દેશ તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પે છે. પરમાણુ અને મિસાઈલ ક્ષેત્રે ભારતને નવી ઊંચાઈએ પહોંચાડનાર કલામ સાહેબે વિશ્વમાં દેશનું ગૌરવ વધાર્યું.

તેમની વૈજ્ઞાનિક પ્રતિભા, સાદગી અને રાષ્ટ્રપ્રેમ આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ધ્રુવતારો છે. કલામ સાહેબનું જીવન સાબિત કરે છે કે સાચું સમર્પણ ક્યારેય મરતું નથી; એ આવનારી પેઢીઓના વિચારોમાં જીવંત રહે છે.

સમયની રેતી પર કેટલાંય નામો ભૂંસાઈ જાય છે, પરંતુ દેશ માટે જીવાયેલાં જીવનનો ઈતિહાસ ક્યારેય ભૂંસાતો નથી. જ્ઞાનની સાધનાને જીવન અને રાષ્ટ્રસેવાને ધર્મ બનાવનાર એવા કલામના સાચા સિપાહી અને ભારતમાતાના ગૌરવ ડો. કલામ સાહેબને દિલથી લાખો-લાખ સલામ!

**સુરત - યુનુસ આર. શેખ**

### બેકાર છે પરંતુ બેકારી નથી

રોજે રોજ અખબારોમાં અને ડિજિટલ મીડિયા પર બેકારી વિશેના આંકડાઓ પ્રસિધ્ધ થતાં રહે છે. આપણે ત્યાં નવી રોજગારીની તકો નથી. ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત થયા પછી પણ નોકરી નથી વગેરે. વાત સાચી પણ છે અને અમુક અંશે ખોટી પણ છે. આજે એવા બેકારો જોવામાં આવે છે જે સારી ડિગ્રી મેળવ્યા પછી પણ રોજગારી શોધી શકતા નથી. અથવા તો નોકરી મળે પછી ત્યાં ટકી શકતા નથી. આવા લોકો બેકારોમાં વધારો કરી રહ્યા છે. આ બાબત પર ઝટ લોકોનું ધ્યાન જતું નથી પરંતુ હકીકત છે. વળી આવા લોકો વ્યવસાય કે ધંધામાં પણ જોડાઈ શકતા નથી. માત્ર ડિગ્રી ભેગી કરવાથી નોકરી મળી જતી નથી. આજનો યુગ સ્પર્ધાનો યુગ છે. કેટલાક યુવાનો કે યુવતીઓમાં આત્મવિશ્વાસનો પણ અભાવ જોવા મળે છે પરિણામે તેઓ ક્યાંક ને ક્યાંક ગોથા ખાતા હોય છે. કેટલાક લોકો તો સારી નોકરી છોડીને પણ તેનાથી વધુ સારી કમાણી કરી શક્યા છે. નોકરી છોડીને વ્યવસાયમાં પણ સારો વિકાસ કરી શક્યા છે . એટલે આ બધી બાબતો પોતાના પર જ છે. એમ કહેવામાં કંઈ ખોટું નથી.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

### મોંઘવારી અને માંદગી વચ્ચે પીસાતો સામાન્ય માણસ

ભારતમાં સૌથી મોટો વર્ગ ગરીબ અને મધ્યમ વર્ગીય માણસોનો છે. જે આજે એક ભયાનક ચક્રવ્યૂહમાં ફસાયેલો છે. એક બાજુ ગગનચુંબી મોંઘવારીને કારણે દૂધ, તેલ, અનાજ, શાકભાજી, પેટ્રોલ-ડીઝલ, દવાઓ જેવી અનેક મૂળભૂત અને પ્રાથમિક જીવન જરૂરિયાતો સામાન્ય માણસની પહોંચ બહાર થઈ રહી છે, તો બીજી બાજુ મર્યાદિત આવક સામે ફેશન અને આધુનિકતા પાછળ બેફામ ખર્ચ વધી રહ્યો છે. આ આર્થિક બોજ વચ્ચે સસ્તું કે મોંઘું ખરીદવા છતાં નાગરિકોને ભેળસેળયુક્ત અને નકલી ખાદ્યપદાર્થો જ મળી રહ્યા છે. આ દૂષિત ખોરાક ‘ધીમા ઝેર’ સમાન કામ કરે છે, જેના લીધે નાની ઉંમરે પણ લોકો કેન્સર, હાર્ટ અટેક, લિવર અને કિડનીની ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે. હોસ્પિટલોના આકરા ખર્ચ અને મોંઘી દવાઓ પરિવારને દેવાના ડુંગર નીચે દબાવી દે છે. પરિણામે, કમાણીનો મોટો હિસ્સો ખોરાક અને દવાખાનામાં જ હોમાઈ જાય છે. જો વ્યક્તિ અને સમાજ જાગૃત ન બને, કરકસર ન કરે અને સરકાર ભેળસેળ કરનારાઓ સામે આકરા કાયદા ન લાવે તથા દવાઓના ભાવ પર કડક અંકુશ ન રાખે, તો સામાન્ય માનવી અકાળે મૃત્યુ પામતો રહેશે. તંત્રએ પણ હવે નાગરિકોના હક અને સ્વાસ્થ્યની રક્ષા માટે ત્વરિત જાગવાની જરૂર છે.

**સુરત - મિતેશ પારેખ**

# ચકાચૂર ચંદ્રમા ને ઓળઘોળ ઘારી...!



મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’

**રૂપસુંદરીને જોઈને જેમ ડોળા ફરવા માંડે, એમ ઘી અને ડ્રાયફ્રૂટમાં લથબથ ઘારીને જુએ એટલે ખાવાનો સુર ચઢે.**

શરદ પૂનમના ચાંદની રે ભાત ખીલી ભીતરમાં
રાત નશીલી રઢિયાળી ફોરમ ખીલી જીવતરમાં

ચાંદી પડવો આવે એટલે ઠેર ઠેર ઘારી-દર્શન થાય. ઘારી તો ઘણાએ ખાધી હશે, પણ ‘ઘારો’ માત્ર ચમનીયાએ જ ખાધેલો. થયેલું એવું કે, ટીવીમાં આવતા રસોઈ-શો જોઈને ચંચીને થયું કે, લાવ આજે હું ‘Handmade’ ઘારી બનાવું. દાનત ખોરી નહીં, પણ ઘારી બનાવવાને બદલે ‘ઘારો’ બની ગયો. કોઈ પણ તબીબી સહાય વગર ઘારીનું જાતીય પરિવર્તન કરી નાંખેલું. આવો ‘ઘારો’ પાડોશીને તો પીરસાય નહીં. પીરસવા જાય તો પૂછપરછ થાય, એટલે ‘હાજર સો હથિયાર’, ઘરનો મામલો ઘરમાં જ પતાવેલો એટલે પરમેશ્વરે પણ ‘જે આવે તે ખપે’નો સ્વીકાર કરવો જ પડે. બોલવા જાય તો બે થાય! આવડતમાં અલ્લાયો હોય ને ઉમંગ વધારે હોય ત્યારે આવા ડખા થાય!

બાકી ઘારી એટલે ઘારી, ઘારી બોસ! મરવા પડેલો માણસ પણ ચાંદી પડવાની ઘારી ખાય ને જ ઉકલી જવાની ઈચ્છા રાખે! પણ ઘારીની મજા લેવી હોય તો એક વર્ષની ‘ઘારી-તપસ્યા’ કરવી પડે. એક ચાંદી પડવાથી બીજા ચાંદી પડવા સુધી જીવવું પડે. ઘારી ક્યારેય ઘરડી થતી નથી. સ્વાદ જ એવો કે, ઘારી બને એટલે એનો સ્થળ પર જ નિકાલ થઈ જાય. રૂપસુંદરીને જોઈને જેમ ડોળા ફરવા માંડે, એમ ઘી અને ડ્રાયફ્રૂટમાં લથબથ ઘારીને જુએ એટલે ખાવાનો સુર ચઢે. સુગરના દર્દીને પણ ઉજમ આવે કે, ઘારી ખાધા વગર તો દુનિયા છોડવી જ નથી. ઘારીનું પણ એવું જ! શરીરમાં સુગરની ફેક્ટરી ભલે હોય, પણ ઘારી જુએ એટલે ડૉક્ટરની સલાહને પણ ઐસી કી તૈસી કરી નાંખે. ઘારી એટલે માયાવી રાક્ષસણ! લલચાવીને મારે! ઘારીનું નામ પડતાં મોંઢામાં એવા ફુવારા છૂટે કે, મોંઢાની બખોલમાં ‘હેન્ડપંપ’ મૂકવાની જરૂર જ નહીં પડે! જીભ જેવી જીભ પણ મીઠી ફોઈ થઈ જાય! જેની પાસે ડાયાબિટીસનું ઓલરેડી ગ્રીન કાર્ડ છે, એની હાલત તો ઘારી જોઈને ‘પાની મેં મીન પ્યાસી’ જેવી બની જાય. જીવ બાળતા થઈ જાય! કોઈ પુરુષને મહિલા મંડળનો પ્રમુખ બનાવ્યો હોય ને જેવો મૂંઝારો થાય, એવી કફોડી હાલત બની જાય. સાલું, નહીં ખવાય, નહીં જોવાય, નહીં સહેવાય! ઘારીનો સ્વાદ જ એવો કે, એની સામે કચ્છી દાબેલીનો ઢગલો મૂકો તો પણ નકામો! ખગોળશાસ્ત્રીઓ ભલે ફાંકો રાખતા હોય કે, ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, પણ આસો વદ પડવાની રાતે બ્રહ્માંડના નિયમો એવા નેવે મુકાઈ જાય કે, એ રાતે ‘સુરતીલાલા’ઓ ચંદ્રની હાજરીમાં પૃથ્વી પર ઘારી સાથે ભ્રમણ કરવા માંડે. (એક ચોખવટ કરી લઉં કે, વાપીથી તાપી સુધીના બધા જ સુરતીલાલા કહેવાય! પણ એનું એપી સેન્ટર એટલે સુરત!) આકાશમાં શરદ પૂનમનો શુદ્ધ માવા જેવો પેંડો લટકતો હોય ને થાળીમાં ચાંદની જેવી ચકોર ઘારી ચકાચક પડી હોય, પછી કયો સુરતીલાલો હખણો રહે? તાત્યા ટોપેના સૈનિકોની માફક ઘારી મળે એટલે તૂટી જ પડે. યાદ છે ને, ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન જ્યારે સ્વાતંત્ર્યસેનાની તાત્યા ટોપે પોતાના સૈન્ય સાથે સુરત આવેલા ત્યારે સૈનિકોને શક્તિ અને સ્ફૂર્તિ મળે તે માટે દેવશંકરભાઈએ ખાસ શુદ્ધ ઘી અને માવામાંથી બનેલી ઘારી ખવડાવેલી. જે દિવસે સૈન્યને સામૂહિક ઘારી ખવડાવેલી, તે દિવસ આસો વદ પડવો (ચાંદી પડવો) હતો. ત્યારથી ઘારી ખાવાની પરંપરા શરૂ થઈ. ઇતિહાસ અનુસાર, સુરતમાં સંત શ્રી નિર્મળદાસજીએ દેવશંકરભાઈને આ વિશિષ્ટ પ્રકારની મીઠાઈ બનાવવાની રેસિપી શીખવાડેલી અને સુરતના લાલગેટ વિસ્તારમાં સૌપ્રથમ ઘારી બનાવવાની શરૂઆત થયેલી.

દુનિયાભરના લોકો ચાંદી પડવાનો ચાંદ જોઈને કવિતા-શેર-શાયરી લખીને દિલદારાને ભલે પલાળતા હોય, પણ ‘લાલા’ઓ જમવાની થાળીમાં ચાંદને ઉતારી ઘારી ઉલેળતા હોય. ચાંદી પડવાના પાયે ખાણીપીણી બેસે એટલે કર લો દુનિયા મુઠ્ઠી મેં! જલસા જ જલસા! કંદોઈની કોઈપણ દુકાનમાં મેળા જ જામેલા. જાણે સસ્તાભાવની દુકાને ‘ઘારી-દાન’નો મહોત્સવ હોય! આ બધું રાત અને દિવસ, તડકો અને છાંયડો, સુખ અને દુઃખ જેવું છે. મીઠી રૂપાળી ઘારી સાથે તમતમતું તીખું ભૂસું પણ હોય. તો જ ચાંદી પડવો જામે! પછી પેટને ડખો થાય કે, કયો રસ પહેલો પચાવું? મીઠો કે તીખો? સુરતી લાલાની આ ‘સુરતી’ ફિલસૂફી છે? ચકાચૂર ચંદ્રમા ને ઓળઘોળ ઘારી! એમાં ચવાણું એટલે સગપણમાં ફુવાજી! ચાંદી પડવાના ચાંદરણાંમાં ઘારી અને ભૂસું લઈને કોઈપણ નદી કે દરિયાના પટ પર પથારી કરીને બેસી જાવ, પછી સ્વર્ગ જ સ્વર્ગ! આકાશી સ્વર્ગ પામવાની ઈચ્છા જ નહીં થાય. પટ પર જ સ્વર્ગ દેખાવા માંડે. ઘારીનું જ ઘેન એવું કે, મુશળધાર વરસાદ તૂટી પડે ને રેલનાં પાણી ઘર-દર્શન કરવા આવે તો પણ ‘તેલ લેવા ગઈ રેલ’, ઘારી નહીં છૂટે! કેડ જેટલા પાણીમાં પણ ઘારીની મહેફિલ જમાવે એનું નામ સુરતી લાલા! ફાફડા જલેબી લોચો ખાયને શું ભૂસાનો ફાંકો રાખે છે?

વાઘ એણે માર્યા નથી, પણ વાઘણને ઘરમાં રાખે છે!

એક વાત છે, ઝાપટવામાં ને ઝપાટો મારવામાં ગુજરાતીને કોઈ પહોંચે નહીં. દશેરાના ફાફડા-જલેબીનો સ્ટોક પેટમાંથી ખાલી ના થયો હોય ત્યાં ઘારીનો ઉદરપ્રવેશ થવા માંડે. ટનબંધી ઘારીનો ઉપાડ નહીં થાય ત્યાં સુધી ખાદ્ય જંપે નહીં. પછી ભલે ને સુગર દેડકાની માફક કુદાકુદ કર્યા કરે! સુગર ફાટફાટ થાય નહીં ત્યાં સુધી ઘારી અઘોરી લાગે નહીં. જેને સુગરની ઘાત હોય, એનાથી ઘારી જોવાય ખરી, પણ ખવાય નહીં. માત્ર દૂરથી જ દર્શન કરવાનાં. છપ્પન ભોગના થાળ જોઈને ભગતની જે વલે થાય, એવી વલે ડાયાબિટીસવાળાની થાય. છતાં પણ ઘારી ખાવાની ઝપાટ બોલાવવા ગયો તો દિવાળીના ફટાકડા તો પછી ફૂટે, એ પહેલાં બંદાનો ફટાકડો ફૂટી જાય. શું કહો છો મામૂ? સારું છે કે, આપણી ઘારી દેવો સુધી પહોંચી નથી. નહીં તો ‘ઘારી-ચાલીસા’ સાંભળીને દેવોને પણ સુરતમાં અવતાર લેવાની લાલચ લાગે. એકવાર ઘારી ચાખી તો કહી પણ દે કે, ‘તેલ લેવા જાય, ઇન્દ્રાસન!’ મારે તો સુરતમાં તાપી કિનારે એકાદ બંગલો જ લેવો છે! ડાયાબિટીસ બહુત બુરી ચીજ હૈ યાર! શરદ પૂનમની રાત જ એવી સોલ્લીડ માદક કે, પાણીનો પેગ પણ નશો કરાવી દે! પૂર્વજન્મનાં કોઈ સારાં કર્મો હશે તો જ વાપીથી તાપીમાં આપણે પ્રગટ થયા હોઈશું! શું કહો છો રતનજી?

**લાસ્ટ બોલ**

નવરાત્રિના ભવ્ય મંડપમાં એક બોર્ડ મારેલું:

“ગરબામાં ઇલાસ્ટિકવાળાં ધોતિયાં પહેરીને કોઈએ પ્રવેશ કરવો નહીં. અને કરો તો ગરબા રમતી વખતે ધોતિયામાં મોબાઈલ રાખવો નહીં!”

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.